# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

## સીધી ભરતી હેઠળની જા.ક્ર.૪૪૧/૨૦૨૬૨૭, મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર(પુરૂષ), વર્ગ–૩ સંવર્ગ માટે ઓનલાઇન અરજીપત્રકો ભરવા માટે સમયગાળો વધારવા માટેની અગત્યની સૂચના

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ સીધી ભરતી હેઠળની જા.ક્ર.૪૪૧/૨૦૨૬૨૭, મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર(પુરૂષ), વર્ગ–૩ સંવર્ગ માટે ઉમેદવારો પાસેથી OJAS ની વેબસાઇટ **https://ojas.gujarat.gov.in** પર તા.૧૭/૦૭/૨૦૨૬ (૧૪–૦૦ કલાક) થી તા.૩૧/૦૭/૨૦૨૬ (સમય ૨૩–૫૯ કલાક ) સુધી ઓનલાઈન અરજીપત્રકો મંગાવવામાં આવેલ તથા તથા પરીક્ષા ફી ભરવા માટે તા.૦૩/૦૮/૨૦૨૬ ( સમય ૨૩–૫૯ કલાક ) સુધીની સમય મર્યાદા નિયત કરવામાં આવેલ હતી.

સદર સંવર્ગની જાહેરાત માટે ઉમેદવારોની રજુઆત અન્વયે ઉમેદવારોના વિશાળ હિતને ધ્યાને લેતાં સદર સંવર્ગ માટે અરજીપત્રકો મંગાવવા માટેનો સમયગાળો વધારવામાં આવે છે. આ માટે ઉમેદવારોએ **https://ojas.gujarat.gov.in** વેબસાઇટ પર **તા.૦૧/૦૮/૨૦૨૬ (બપોરના ૧૬:૦૦ કલાક) થી તા.૧૫/૦૮/૨૦૨૬ (સમય રાત્રિના ૨૩:૫૯ કલાક ) સુધી ઓન–લાઇન અરજી કરવાની રહેશે. તથા પરીક્ષા ફી તા.૧૮/૦૮/૨૦૨૬ (૨૩:૫૯ કલાક) સુધી ઓન–લાઈન ભરી શકાશે.**

વધુમાં મૂળ જાહેરાતમાં દર્શાવેલ ઉકત સંવર્ગ માટે ઉમેદવારોના વ્યાપક હિતને ધ્યાને લેતાં **શૈક્ષણિક લાયકાત અંગે કટઓફ તા.૧૫/૦૮/૨૦૨૬ રહેશે તથા વયમર્યાદા અંગે કટ ઓફ મૂળ જાહેરાતમાં દર્શાવ્યા મુજબની રહેશે.** જાહેરાતની અન્ય વિગતો મૂળ જાહેરાતમાં દર્શાવ્યા મુજબ યથાવત રહેશે, જેની સંબંધિત ઉમેદવારોએ ખાસ નોંધ લેવા આથી જણાવવામાં આવે છે.

**સ્થળ: ગાંધીનગર**
**તારીખ: ૦૧/૦૮/૨૦૨૬**

**સચિવ**
**ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ**